

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

થાય છે 'વહીવટ' 'એસ્ટી' માં મલ્ટી ખાય છે,
સીધી ચાલે નહીં બસ રોજ પલ્ટી ખાય છે,
ખાય છે માર પ્રજા યમનો, ઉલટી-પલ્ટી
'ભંગાર' ફેરવી સરકાર ગિલ્ટી થાય છે...
(રોજ એક બસ પલ્ટી મારે છે.)

હાઈકુ

લાખો કેસોમાં,
ચિમડાય ચૂકાદા -
અસીલો દુ:ખી...
(તારીખ-પે-તારીખ)

યુનિવર્સિટી
મલ્લ યુદ્ધ અખાડો -
પ્રેક્ષક નેતા
(માર ખાય JNU વિદ્યાર્થી)

### ચિંતન

**મૂર્ખ રિચરાયુતોણ અપિ તસ્માજ્જામૃતો વરઃ ।**
**મૃતઃ સ ચાઅલ્પ દુખાય યાવજ્જીવ જડો દહેત ॥**

'ચાણક્યનીતિ' શાસ્ત્રનો આ શ્લોક છે.

મૂર્ખ-વ્યસની-કુટેવોથી લાદેલો મૂર્ખ પુત્ર ચિરંજીવી-લાંબુ આયુષ્ય ધરાવતો હોય એના કરતાં જન્મીને તરત જ મૃત્યુને ભેટનાર પુત્ર વધારે સારો. કારણ કે જન્મીને તરત મૃત્યુ પામનાર તો માત્ર થોડા દિવસ માટે જ દુ:ખ આપવાનું કારણ બને છે,

પરંતુ મૂર્ખ-કુસંસ્કારી-વ્યસની-દરિદ્રી (દીર્ઘસૂત્રી) આળશુ-અનિયમિત પુત્ર ક્ષણે-ક્ષણે, પગલે-પગલે અને જયાં સુધી તે જીવે ત્યાં સુધી દુ:ખીદાયી અને ચિંતા કરાવનારો રહે છે.

વિનયી-નમ્ર-આજ્ઞાંકિત સંતાન મા-બાપના અંતરાત્માને શાન્તા આપનારાં હોય છે.

### સુવિચાર

- એક નફરત હી હૈ જીસે દુનિયા ચંદ લમ્હોં મેં જાન લેતી હૈ,
  વરના ચાહત કા યકિન દિલાને મેં તો જિંદગી બીત જાતી હૈ - **અબ્બાસી તાબીથ**
- જેની પાસે ઓછામાં ઓછો એક સારો મિત્ર હોય તેને દર્પણની જરુર પડતી નથી - **સંત રૂમી**
- હું નસીબમાં ખૂબ માનું છું અને મને ખ્યાલ આવ્યો કે
  હું જેટલી વધારે મહેનત કરું એટલું વધારે નસીબ જોર કરે છે - **થોમસ જેફરસન**
- વ્યક્તિની બધી શક્તિઓ, સિદ્ધિઓ એક માત્ર સામાજિક કલ્યાણની દિશામાં જ યોજાય
  ત્યારે જ ધર્મ યા સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે - **પંડિત સુખલાલજી**
- જયારે જોમ અને ઉત્સાહ ટોચ પર હોય અને ત્યારે જ કાર્ય સધાય છે તે શમ્યા પછી નથી સધાતુ - **એસ. ભટ્ટાચાર્ય**
- સદાચારને અનુસરવું એ પર્વત ચડવા જેવું છે... પાપને અનુસરવું એ ઢાળ ઉતરવા જેવું છે - **મેક્સિકા ગોર્કી**
- આજનું ઔષધ : પગના વાઢીયામાં વડનું દૂધ લગાડવાથી રૂઝ જલદી આવે છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

જીવન-મૃત્યુ, સુખ-દુખ, રોગ-પીડા એ બધું કર્મો અને વિધિ-ઈશ્વર દ્વારા અપાતાં ફળ છે એનો પ્રેમપૂર્વક-સ્વાભાવિક રીતે - સ્મિત સાથે સ્વીકાર કરવો જોઈએ એનો સંતાપ-દુ:ખ-વિરોધ ન હોય.

એક પિતા ખૂબ નાસ્તિક અને ક્રોધી હતો. પત્ની-પુત્ર પર પણ વાતે-વાતે ક્રોધ કરતો. દુ:ખો-આપત્તિમાં સંયમ-ધીરજ કોઈ બેસતો.

પુત્ર બિમારીમાં મૃત્યુ પામ્યો. સ્ત્રી સમજુ હતી કે આ સમાચારથી પતિ સમતુલા ખોઈ બેસશે.

પતિ બપોરે જમવા આવ્યો - પુત્રના શબને સાલ ઓઢાળી દીધી. પતિને જમવાનું આપ્યું. પતિએ પુત્રની પૃછા કરી. સ્ત્રીએ સૂતો છે કહ્યું અને વાત શરુ કરી - પડોશણ, બે ચાર દિવસ પહેલાં એક મોટું તપેલું લઈ ગઈ હતી. હવે પાછું માગું છું તો આપતી નથી અને ઝઘડો કરે છે.

પતિ કહે મૂર્ખ કહેવાય, અન્યાયી છે.

સ્ત્રીએ તરત કહ્યું એવી જરીતે ઈશ્વરે પણ આપણને પુત્ર પણ થોડા સમય માટે આપ્યો હતો. હવે પાછો લઈ લીધો છે. બંને રડ્યાં. પતિ હવે પત્નીને શાંત રાખવા કહેતો હતો. ભગવાને આપેલો આત્મા લઈ લીધો. રડ નહીં...

## સૉરી ગાંધીનગર, તું ગુજરાતનું પાટનગર સાચું પણ 'સ્વચ્છ' શહેર નહીં

### તંત્રીસ્થાનેથી...

સ્વચ્છતા અભિયાનની ફલશ્રુતિ લેખે જે દસ સ્વચ્છ શહેરોની નામાવલી પ્રસિદ્ધ થઈ છે એણાં સૌથી મોખરે રહ્યું છે મૈસૂર. દેશની રાજધાનીનો લુટિયન વિસ્તાર અને તળ મુંબઈ શહેરનો પણ આ યાદીમાં સમાવેશ થયો છે. આપણી ગરવી ગુજરાતની નર્મદનગરી સુરત અને સૌરાષ્ટ્રની હૃદયસ્થળી સમું રાજકોટ આ દસ સ્વચ્છ શહેરોની પંગતમાં માનભેર પાટલો માંડી શકયાં છે. અમદાવાદ અને ગાંધીનગરને સ્વચ્છ શહેરોની નાતમાં પ્રવેશ નથી મળ્યો તે સરકાર, મહાનગરપાલિકા અને નગરવાસીઓ માટે શરમજનક જ ગણાવું જોઈએ. સ્વચ્છતાનાં માપદંડોએ મોદી જેને જાપાનના કયોટો શહેર જેવું બનાવવા માગે છે તેવી અધ્યત્મનગરી અને એમનું સંસદીય ક્ષેત્ર વારાણસી તો ગંદામાં ગંદા શહેરોમાં ઝળકી રહ્યું છે! ચંડીગઢની નગર રચનાનું અનુકરણ કરી આસપાસનાં ગામડાં ભાંગીને બનાવાયેલી ગુજરાતની રાજધાની કયારેય વિશ્વનાં હરિયાળાં શહેરોમાં મોખરાનું સ્થાન ધરાવતી હતી. હજી તો શહેર માંડ અડધી સદી જ વટાવી રહ્યું છે. ચંડીગઢ એની ગરિમા જાળી શક્તું હોય તો ગાંધીનગર કેમ નહીં? એની સાથે તો રાષ્ટ્રપિતાનું નામ જોડાયેલું છે. વળી મોદીશાસન દરમિયાન અહીં તો 'વાઈબ્રન્ટ ગુજરાત' નો પાયો નંખાયો હતો. પરંતુ સત્ય હકીકત એ છે કે શાસકો ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ બનાવી દઈ પોતાની ફરજ પૂરી થઈ ગઈ એમ માની બેઠા છે. ગાંધીનગર રાજકીય રીતે બહુ મહત્ત્વનો વિસ્તાર નથી. વધારે મહત્ત્વ વધારે વસતી ધરાવતાં શહેરોનું અને જિલ્લાઓનું છે. ગાંધીનગરનું ગજું કેટલું? એના નામ વાળી ધારાસભાની બે બેઠકોમાં પણ વર્ચસ્વ ગ્રામીણ વિસ્તારોનું વરતાતું રહ્યું છે. એના નામે ઓળખાતી સંસદની બેઠક અમદાવાદમાં સમાવાયેલા વિસ્તારોના સહયોગથી જ જીતી શકાય છે. કદાચ એથી જ દેશના વરિષ્ઠ નેતાએ અહીં આવીને નામાંકન ભરી દીધા પછી આ શહેર સામે જોવાની દરકાર નથી કરી. રાજધાનીનું શહેર હોવા છતાં રાજધાની ટ્રેન બારોબાર અમદાવાદ ચાલી જાય છે. ચંડીગઢને શતાબ્દી અને રાજધાની જેવી ટ્રેનો ઉપરાંત એરપોર્ટ અને 'એમ્સ' (ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટયુટ ઑફ મેડિકલ સાયન્સીઝ) જેવી પીજીઆઈ (પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટયુટ) મળેલ છે. ચંડીગઢમાં ત્રણ ત્રણ હકૂમતો સમાંતરે ચાલે છે. ચંડીગઢ કેન્દ્રિય વિસ્તાર ઉપરાંત પંજાબ અને હરિયાણા - બેઉ રાજયોના પાટનગર તરીકેનું ગૌરવ ધરાવે છે. એની નગરરચના ચુસ્તદુરુસ્ત છે. ત્યાં કુદરતી હાજર માટે કોઈને ઝાડની ઓથ શોધવાની જરુર નથી પડતી. ગાંધીનગર પાસે એનો કચરો ઠાલવવાની 'ડમ્પિંગ'ના ફાંફાં છે. મહાનગરપાલિકા બન્યા પછી પણ એની સ્થિતિ તો એની એ જ રહેવા પામી છે. એને સુધરવાની જરુર હોવાની તાકીદ પણ કરાઈ છે. પ્રસ્થાપિત માપદંડોથી મૂલ્યાંકન થતાં કયાંક લાગવગશાહી નથી ચાલી તે પણ નોંધવું જ રહ્યું. આપણાં બે શહેરો એમાં ટકી ગયાં છે તેનું ગૌરવ જરુર લઈએ પણ ખાટલે ખોડ કે પાટનગર અને અમદાવાદને અરીસો બતાવી દેવાયો છે.

## તારે સંયમ રાખવો જોઈએ, મર્યાદામાં રહેવું જોઈએ, લોકલાજથી ડરવું જોઈએ, સમાજના નીતિનિયમોને અનુકૂળ થવું જોઈએ, સમય જોઈને આવવું જોઈએ...



નવાં કલેવર
નટવર હેડાઉ

ફરીથી કેમ આવી ગઈ? વારંવાર ના પાડું છું તોય પીછો નથી છોડતી. કોણ કયાં કઈ હાલતમાં હોય તેની જગ્યા કે સ્થિતિનો તને કંઈ અંદાજ આવતો જ નથી. ગમે ત્યારે ગમે ત્યાં ટપકી પડે છે. કેટલીવાર ના પાડી છતાં તને કંઈ અસર થતી જ નથી. તે દિવસે સ્ટેશનના બાંકડા પર આવીને તું બેસી ગઈ. બીજું તો ઠીક બાપુની કંથામાય તેં મારો પીછો ન છોડ્યો. હજારો ધર્મપ્રેમીઓ વચ્ચે આવીને તેં સારું ન કર્યું. બપોરની કાળઝાળ ગરમી હોય કે ઝરમરતો વરસાદ. ઠંડીની ઋતુ હોય કે મસ્ત મજાની સાંજ તું કાયમ મારો પડછાયો બનીને રહે છે. તને એવું શું થઈ ગયું છે? તને માન-સન્માનની કોઈ પરવા જ નથી. મારી કોઈ પ્રતિષ્ઠા હોય કે નહીં. તું ન તો રાત જૂએ છે કે ન દિવસ. મારી ઓફીસ સુધી પહોંચવાની તારી હિંમત કઈ રીતે થાય છે. મારા સહકાર્યકરો શું વિચારતા હશે. તેનાં વિચાર તે કોઈ દિવસ કર્યો છે?

ઘર-કુટુંબના લોકો મને કાયમ ભાંડે છે. મજાક ઉડાવે છે. ઝઘડો કરે છે છતાં તું એવી રીઢી થઈ ગઈ છો કે ગમે ત્યાં ગમે ત્યારે ગમે તે સ્થિતિમાં આવી જાય છે. તે દિવસે મારા નજીકના સંબંધી મહેમાન આવેલા. રાતે મોડા સુધી અમે વાતો કરતા રહ્યા તેવામાં તું આવી, એ લોકો એ શું વિચાર્યું હશે? લોકો વાતો કરે છે. શેરી-મહોલ્લામાં ચર્ચાનો મુદ્દો બની જાય છે. હું બહાર નીકળું ત્યારે લોકો આંગળી ઉઠાવે છે. વાતો કરે છે મોં મચકોડે છે. હું શરમનો માર્યો પાણી પાણી થઈ જાઉં છું. છતાં તું તારું આ હળવા મળવાનું ઓછું કરતી નથી. એવું કેમ? ગાંડી થઈ છો કે શું? ઘરમાં પત્ની બાળકો અને વહુઓ બધાં છે છોકરા-છોકરીઓ પર સારો પ્રભાવ ન પડે. તેમની વચ્ચે મારે અપમાનિત થવું પડે છે. ઘણીવાર બોલાચાલી થઈ જાય છે. ઝઘડા વધી જાય ત્યારે પાડોશીઓને જોણું થાય છે. મશ્કરી થાય છે. તું કહીશ મેં તારું શું બગાડ્યું છે? તે દિવસે હોટલમાં બેઠેલોને તું આવી ગઈ. બાજુમાં બેઠેલા તેણે ન સંભળાવવાનું સંભળાવ્યું. અને કહી દીધું જરા તો શરમ રાખો. તે વખતે બીજા મને જોઈ જોર જોરથી હસવા લાગ્યા. મારું માથું નીચું ને નીચું રહી ગયું. તું કેટલી જીદ્દી છે. તું એટલી નિષ્ઠુર અને નક્કામી નીકળી કે પોતાનાઓની પીડા પણ સમજતી નથી. તું કયારેક વિચાર કર. આ રીતે તું ગમે ત્યારે અચાનક આવે, લાંબો સમય રોકાય. ભીડભર્યા સંમેલન કે પ્રસંગમાં તારી હાજરી મારા માટે દુ:ખદાયક બની જાય છે.

હાં એટલું ખરું કે મેં તને અપનાવી છે. તને સાથ આપ્યો, માન સન્માન આપ્યું. ભરપુર સમય આપ્યો છતાં આવું કરવાનું તને સારું લાગે છે. તું જ જવાબ આપ? તારે સંયમ રાખવો જોઈએ. મર્યાદામાં રહેવું જોઈએ. લોકલાજથી ડરવું જોઈએ. સમાજના નીતિનિયમોને અનુકૂળ થવું જોઈએ. સમય જોઈને આવવું જોઈએ. પાછો લાંબો સમય તું રોકાય એ પણ બરાબર તો નથી ને? કંઈક સમજ, બીજાની હાલતનો પણ વિચાર કરવો જોઈએ. મોડી રાતે આવીને વહેલા નીકળી જવાનો ઘણાનો સ્વભાવ હોય છે. જો તું પણ રાતના અંધારામાં કોઈ ન હોય ત્યારે એકાંતમાં આવી જાય અને રોકાઈને ધીમેથી નીકળી જાય તો કોઈને કંઈ વાંધો ન હોય. સવારે વહેલાં જતા રહેવું એ તો તારાને મારા બંનેના ફાયદામાં છે. જો થોડી જ સમજ હોય તો દિવસે કયારેય ન આવતી. જયારે સગાંસંબંધી, મિત્રો અને કુટુંબના લોકોને સાથે જુએ ત્યારે તરત જતું રહેવું. હઠ કરીને આસન જમાવવું નહીં. એમ કરીશ તો તારું માન-સન્માન વધશે. તે દિવસે બસ સ્ટેન્ડના બાંકડે હું મારા મિત્રો સાથે બેઠો હતો. સુખ-દુ:ખની વાતો કરતાં હતા. ત્યાં અચાનક તું આવી ગઈ. મેં તારાથી બચવાની ઘણી કોશિષ કરી છતાં સાથે બેઠેલાને તારો અહેસાસ થઈ ગયો. તે બધા હતપ્રભ રહી ગયા. જયારે હું અચાનક ચૌંકી ગયો તો એ લોકો એ કહ્યું કયારેક એવું થાય. ભવિષ્યમાં ધ્યાન રાખવાની શિખામણ આપી બસમાં બેસી એ જતા રહ્યા.

તને યાદ છે તે દિવસે મને બહુ જ તાવ આવેલો. સખત માથું દુ:ખતું હતું. હાથ પગમાં કળતર થતી હતી. ડૉકટર બે વખત આવીને ગયા પણ તું ન આવી. ચાર દિવસ સુધી કણસતો રહ્યો. પણ ત્યારે રાતે તે દિવસે તારાં દર્શન દુર્લભ રહ્યા. એવું કેમ? દુ:ખના દિવસોમાં તું મને બિલકુલ ભૂલી ગઈ. તું ખરેખર ખુબ સ્વાર્થી છે. તારા મારે તારું પોતાનું સુખ જ સર્વોપરી છે. એ દિવસોમાં તેં તારું મોં પણ ન બતાવ્યું. પછી તારાથી શું અપેક્ષા રાખી શકાય. જો તે વખતે દિવસમાં એકાદવાર પણ તું આવી ગઈ હોત તો મને કેટલી શાંતિ થાત. બિમાર માટે પળભરનું સુખ પણ ઓછું નથી હોતું. ખરું કે નહીં? એક દિવસ તો તેં હદ કરી દીધી. અડધી રાતે અંધારામાં મને સાથે ચાલવા મજબૂર કર્યો. હું શહેરના રસ્તા પર અનમયસ્ક ચૂપચાપ મુંગોમંતર તારી સાથે ચાલતો રહ્યો. ચાલતાં ચાલતાં કેટલોય દૂર નીકળી ગયો ત્યાં અચાનક સામેથી આવતો અવાજ સાંભળી હું અળાક્ રહી ગયો અને ઝડપથી ભાગીને જયાંથી આવ્યો ત્યાં પહોંચી ગયો. તને યાદ છે ને?

અનુસંધાન પાના નં. ૭ પર

## પ્રેમ એટલે ઊર્ધ્વગતિ, ધિક્કાર એટલે અધોગતિ



ગુલમોર
દિનેશ દેસાઈ

નિત્સેનું એક વિધાન છે: ''પ્રેમનું પલ્લું ચઢે અને નફરતનું પલ્લું નમે.'' તમે કોઈ સાથે પ્રેમથી વાત કરો તો તમને હંમેશા પ્રેમાળ પ્રતિભાવ જ મળે. જો તમે કોઈ સાથે ધિક્કારથી યા નફરતથી વાત કરો તો એનો પ્રતિભાવ તમને નકારાત્મક જ મળે. પરંતુ પ્રેમ હંમેશા વ્યક્તિને હકારાત્મક બનાવે છે.

કોઈ નફરત કરે તો પણ પ્રેમમાં રત યા ઓતપ્રોત વ્યક્તિનો પ્રતિભાવ હંમેશા પ્રેમભાવસભર જ હોય. આ જ તો પ્રેમની તાકાત છે. પ્રેમ ક્યારેય નકારાત્મક બનતો નથી, બનાવતો નથી. પ્રેમનો જવાબ નફરત, ધૃણા, તિરસ્કાર કદાપિ ન હોઈ શકે. પ્રેમ માત્ર પ્રેમ કરતા જ શીખવે, નફરત કરતા નહીં.

પ્રેમ એટલે જ ઊર્ધ્વગતિ. સ્વસ્તિ પંથે પ્રયાણ એટલે પ્રેમ. જ્યારે ધિક્કાર યા નફરત એટલે હંમેશા અધોગતિ. અધોગતિ હંમેશા પારોઠનાં પગલાં ભરાવે અને ઊર્ધ્વગતિ હંમેશા આપણને ઉચ્ચતમ પથ તરફ લઈ જાય. પ્રેમનો માર્ગ કંટાળો હોઈ શકે. પ્રેમનો પથ મુશ્કેલ જરુર હોઈ શકે પરંતુ અશક્ય તો નથી જ.

સત્ય એ પ્રેમ છે અને પ્રેમ એ સત્ય છે. જીવનનું અંતિમ સત્ય એટલે પ્રેમ. પ્રેમ હંમેશા તપાવે, કસોટી કરાવે અને વિજય પણ અપાવે. કસોટી તો કંચનની જ થાય, લોઢાની નહીં. સોની-સુવર્ણકાર સોનાનું ઘરેણું હાથમાં લઈને જુએ ત્યાં જ તેને સાચા-ખોટાની પરખ આવી જતી હોય છે. આમ છતા તે સોનાના ઘરેણાંને આગમાં તપાવીને ચકાસી જ લે છે. લોખંડનું ઘરેણું હોય તો સોની એને અગ્નિમાં તપાવીને ચકાસતા નથી. પારખા તો સતનાં અને સોનાનાં જ હોય, અસત અને લોઢાનાં નહીં.

લાલજીનો એક સરસ મજાનો પ્રસંગ છે. પ્રસંગ કાલ્પનિક હોઈ શકે પરંતુ એમાં રહેલી ભાવના હૃદયવિદારક છે, હૃદયને છેદી જનારી છે. આપણે સૌ જાણીએ છીએ એમ બાલકૃષ્ણે બલરામ સાથે બાળ-કિશોરવયે ગોકુળ છોડ્યું અને મામા વિદુરજી સાથે મથુરાની વાટ પકડી એ પછી ભગવાન ક્યારેય ગોકુળ પાછા ફર્યા નથી એટલે કે એ પછી આજીવન લાલજી કદાપિ રાધાજીને મળ્યાં જ નથી.

આ પ્રસંગ અનુસાર એક વાર ભગવાન શ્રીકૃષ્ણ અને રાધાજી સ્વર્ગમાં વિચરણ કરતી વેળા સાવ અચાનક એકબીજાની સામસામે આવી ગયા. ભગવાન વિચલિત થઈ ગયા તો રાધાજી પ્રસન્નચિત્ત થઈ ગયાં. ભગવાન થોડા હિચકિચાહટ પણ અનુભવી રહ્યા તો રાધાજીએ સ્મિત વેર્યું.

રાધાજીએ ખબર-અંતર પુછ્યા કે ''કેમ છો, દ્વારકાધીશ..?''

જે રાધાજી ગોકુળ-વૃંદાવનમાં કાન્હા-કાન્હા કરતાં હતાં તે આજે હવે ''દ્વારકાધીશ'' સંબોધન કરી રહ્યાં હોવાથી ભગવાન ભીતરથી દુ:ખી દુ:ખી થઈ ગયા. છતા સ્વસ્થ થઈને પ્રત્યુત્તર વાળ્યો કે ''હું તો તમારા માટે આજે પણ કાન્હો જ છું, કમસે કમ તમે તો મને દ્વારકાધીશ ન કહો. આવો, બેસો. આસન ગ્રહણ કરો અને તમારા વિશે કંઈક કહો. ખરેખર કહું તો, રાધાજી, જ્યારે જ્યારે તમારી યાદ આવી જાય ત્યારે અશ્રુધાર જ વહી જાય.''

રાધાજીએ કહ્યું કે ''ઠીક છે. પરંતુ મારી સાથે આવું કશું જ બન્યું નથી. ના તો તમારી યાદ પણ આવી અને ના તો અમારી આંખમાંથી આંસુ પણ ટપક્યાં. કેમ કે અમે તો તમને વળી ભુલ્યા જ ક્યાં છીએ કે જેથી તમને યાદ કરવા પડે? યાદ તો એમને કરવા પડે કે જેમને આપણે ભુલી ગયા હોઈએ. આ કાજળઘેરી આંખોમાં સદાય તમે વસેલા છો. ક્યાંક આંસુઓની સાથે સાથે તમે પણ વહીને નીકળી ના જાઓ, જતા ના રહો, એ વિચારમાત્રથી જ અમે રડ્યાં પણ નથી.''

રાધાજીની હૃદયવાણી સાંભળીને ભગવાનની હૃદયવીણાનાં તાર ઝણઝણી ઊઠ્યા. રાધાજી હજુ પ્રેમથી મીઠી લડાઈ લડવાના મૂડમાં જ હતાં.

તેઓ આગળ બોલ્યાં કે ''પ્રેમથી તમે અલગ થઈ ગયા, છુટા પડી ગયાં, એથી તમે શું ગુમાવ્યું અને શું પામ્યાં, એની વાત કરું? શું તમે સાંભળી શકશો?''

ભગવાનના હકારને જોયા પછી રાધાજીએ કહ્યું કે ''તમે ક્યારેય એવું વિચાર્યું કે તમે જીવનની દડમજલ અને સફળતાના રાહમાં પાછળ શું શું છોડી ગયા છો? શું ગુમાવ્યું છે? યમુનાનાં મીઠાં જળથી જિંદગી શરુ કરી અને દ્વારકાના ખારા પાણી સુધી પહોંચી ગયા જ્યાં જીવનનો અંત આવ્યો. આંગળીઓના ઈશારા ઉપર ચાલતી બંસરી તમે છોડી દીધી અને એક આંગળી ઉપર ચાલતા સુદર્શન ચક્રને ધારણ કર્યું. જ્યારે તમે પ્રેમના દોરથી જોડાયેલા હતા ત્યારે એક ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઊંચકીને લોકોને વિનાશથી બચાવ્યા હતા, હવે પ્રેમથી અલગ થયા પછી એ જ આંગળીઓ કેવા કેવા કાર્ય કરવા લાગી એ જ આંગળીઓ સુદર્શન ચક્ર ધારણ કરીને વિનાશના કામમાં લાગી ગઈ?''

ભગવાન તો ધ્યાનમગ્ન થઈને રાધાજીને સાંભળી જ રહ્યા હતા.

રાધાજીએ થોડી વાર રોકાઈ જઈને કહ્યું કે ''કાન્હા અને દ્વારકાધીશ વચ્ચે શો ફરક યા અંતર છે, એ પણ કહું? જો તમે કાન્હા જ રહ્યા હોત તો તમે તમારા બાળસખા સુદામાના ઘેર સામે ચાલીને ગયા હોત. એનું ઘર વર્ષો પછી તમે સામે ચાલીને શોધી કાઢ્યું હોત. દીન અને હીન સુદામાએ સામે ચાલીને તમારા ઘેર ન આવવું પડ્યું હોત. સુદામા કાન્હાના ઘરે નહીં, રાજા દ્વારકાધીશજીના રાજમહેલમાં આવ્યા હતા. યુદ્ધમાં અને પ્રેમમાં આ જ તો અંતર હોય છે. યુદ્ધમાં બીજાને હરાવીને તમે જીતતા હોવ છો, જ્યારે પ્રેમમાં તમે ખુદ હારીને બીજાને જીતાડતા હોવ છો. હે કાન્હા, પ્રેમમાં રમમાણ રહેલ વ્યક્તિ દુ:ખી તો રહી શકે છે, પરંતુ બીજા કોઈને દુ:ખ આપી શકતો નથી. તમે શું કર્યું? તમે તમારી આખી સેના કૌરવોને સોંપી દીધી અને સ્વયંને પાંડવોના સારથિ તરીકે આધીન થઈ ગયા. સેના તો તમારી પ્રજા હતી અને રાજા તો પ્રજાના પાલક અને અન્નદાતા કહેવાય. પ્રજાનું રક્ષણ કરવું એ તો તમારી ફરજ હતી. વળી, તમે એ રથના સારથિ બનવાનું પસંદ કર્યું કે જે રથમાં બેસીને અર્જુન તમારી જ સેનાના સૈનિકો એટલે કે તમારા ભરોસે રહેલા સૈનિકોને મારી રહ્યો હતો. તમારી પ્રજાસમાન તમારા સૈનિકો અર્જુનના બાણથી મરી રહ્યા હતા ત્યારે તમારા હૃદયમાં કરુણાનો સંચાર ના થયો? તમે તો કરુણાના સાગર કહેવાઓ છો. હકીકત તો એ છે કે તમારામાં કરુણા એટલા માટે ના પ્રગટી, કેમ કે તમે પ્રેમશૂન્ય થઈ ગયા હતા. તમારી ભીતરથી પ્રેમ ગાયબ થઈ ગયો હતો. તમારામાં પ્રેમ બચ્યો જ નહોતો. તમે આજે પણ

**સત્ય એ પ્રેમ છે અને પ્રેમ એ સત્ય છે, જીવનનું અંતિમ સત્ય એટલે પ્રેમ, પ્રેમ હંમેશા તપાવે, કસોટી કરાવે અને વિજય પણ અપાવે, કસોટી તો કંચનની જ થાય, લોઢાની નહીં, લોખંડનું ઘરેણું હોય તો સોની એને અગ્નિમાં તપાવીને ચકાસતા નથી, પારખા તો સતનાં અને સોનાનાં જ હોય, અસત અને લોઢાનાં નહીં**

અનુસંધાન પાના નં. ૭ પર

## માણસ... કાં તો કોઈકનો થઈને, કાં તો કોઈકને ખોઈને શીખે છે...!!



Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

'દોસ્ત, પ્રેમ અને પ્રાર્થનામાં એટલો જ ફર્ક છે, એકની યાદ તકલીફ આપે છે, તો બીજાની યાદ તકલીફમાં આવે છે. હું તને એક વાત કહું છું, એ યાદ રાખ. કોઈ પણ બે વ્યક્તિ વચ્ચેનો ઝઘડો કે મનદુ:ખ કાયમના નથી હોતા. આપણી ભૂલના હોય તો શાંત રહેવું. ખાલી મોઢું ખોલી, બકવાસ કરી કોઈને દુભાવવા નહીં. મારો જ એક અનુભવ તને કહું.' સર્જીત એના મિત્ર કરણને કહી રહ્યો હતો.

'મારો એક મિત્ર આજથી વીસ વર્ષ પહેલા નવેમ્બરમાં એની સગાઈ થઈ. ફેબ્રુઆરીમાં એના લગ્ન લેવાની તારીખ વેલેન્ટાઈન ડે ની નક્કી થઈ... બંને સાથે ફરવા, ખરીદી કરવાં લાગ્યા, ડિસેમ્બરની ઠંડી અને એકાંત મળતાં સીમા ઓળંગી દીધી...

....બે મહિના સુધી માસિક ના આવતાં સાચી ચિંતા શરુ થઈ, શું કરવું શું ન કરવું ની ગડમથલ. અંતે નક્કી કર્યું કે પેટ હલકું કરી નાંખવું. એણે એના મિત્રની સલાહ લીધી, વાત ખાનગી રાખવી જરુરી હતી. ભૂલથી ખબર પડે સમાજમાં બેઈજ્જતી થવાની શક્યતા હતી. બધું સમુસૂતરું પાર પડ્યું અને વેલેન્ટાઈન ડે લગ્ન હેમખેમ પાર પડી ગયાં...'

સર્જીત કરણના ચહેરા પરના ભાવ વાંચવા રોકાયો.

'મિત્રએ મજાક મજાકમાં એક દિવસ એ વાતનો ઉલ્લેખ કર્યો અને પછી એમની દોસ્તી વચ્ચે તિરાડ પડી ગઈ. બોલવાના સંબંધો બંધ થઈ ગયા... પેલા મિત્રએ આ વાતને ખુલ્લી પાડતાં ને બોલવાનાં શબ્દો બોલ્યા... સ્વભાવે બંને સારાં, પણ એક વાત પર આખો ખેલ ખતમ થઈ ગયો...


એક દિવસ પેલા કપલને વિદેશ કાયમી જવાની નોબલ આવી અને એ રાત્રે એ મિત્રના ઘરે પહોંચી ગયો. જૂની વાતો ખંખેરી ગળે મળ્યો. પેલાં મિત્રએ પણ એની વાતની મજાક બાબતે માફી માંગી લીધી... બંને જણા આખી રાત વાતો કરતાં બેસી રહ્યાં અને સવારે એરપોર્ટ વળાવીને જ પાછા આવેલાં મિત્રના અને વિમાનમાં સવાર મિત્રની આંખોમાં અશ્રુ હતા. થોડીક ગેરસમજણ-ઉશ્કેરાટમાં અનેક વર્ષો ખોઈ ચૂક્યા હતા, એમનાં સંબંધો હવે પૂર્વરત થઈ ગયાં હતા.' કરણ આખી વાતને શાંતિથી સાંભળતો હતો, એણે આંખોથી ઈશારો કરી વાત ચાલુ રાખવા વિનંતી કરી.

'અરે, મારા મોટા ભાઈનો ૫૦મો જન્મદિવસ એ ઉજવવાનો છે?' સર્જીત બંને ભાઈઓના પરિવાર મેમ્બર જેવા વેપારી મિત્ર કરણને પૂછી રહ્યો હતો.

'ના, ખબર નથી, પણ દોસ્ત એક વાત કહું, તમે ત્રણેય ભાઈઓ સંપીને રહો તો કેટલું સારું. તું જ રાત્રે કૅક લઈને પહોંચી જાને વેલેન્ટાઈનના આગા દિવસે, સરપ્રાઈઝ કૅક કટીંગ, સેલિબ્રેશન, સરસ ચાન્સ છે, ભેગા થઈ જવાનો.' કરણ એક શ્વાસે બોલી ગયો. સર્જીત અને એની પત્ની પણ આ પ્રસ્તાવથી ખુશ થયાં.

'કરણ, સાચું કહું મનેય કયારનું થતું હતું કે શું કામ અબોલા? કેમ નફરત, કોઈ એવું કારણ તો છે જ નહીં, દોસ્ત તારી વાત અને આજ્ઞા સર આંકો પર.' સર્જીતે જૂના ઘૂંટડા ગળીને મોટાભાઈને ગળે મળી વેલેન્ટાઈન સુધારવાનો પાક્કો નિર્ણય કર્યો.

'મનેય રાત્રે બોલાવજે, હું પણ તમારા પરિવાર સાથે આવીન એને સરપ્રાઈઝ આપીશ.' કરણે વાતને પાકો સિક્કો માર્યો.



પારિવારીક ગેરસમજણને કારણે મગજમાં ભરીને જીવતાં ભાઈઓ એક થવાં જઈ રહ્યાં હતા.

વેલેન્ટાઈન ડે ના આગલા દિવસે ચોકલેટ રુમની પાયનેપલ ફલેવર કૅક સાથે સર્જીત તૈયાર હતો. પત્ની-બાળકો સાથે ભાઈના ઘરે બર્થ-ડે મનાવતાં પહેલાં નાના ભાઈનો પરિવાર અને માતાને લેવાં એમનાં ઘરે પહોંચી ગયો. પરિવારના બધાં સભ્યો સાથે મળીને ભાઈનો ૫૦મો જન્મદિવસ ઉજવી ડામાડોળ થયેલી નૌકાને સ્થિર કરવાનાં હતા...

'હેપ્પી બર્થ ડે ભાઈ...' ડિંગડોંગ બેલ વગાડતાં સર્જીત ખુશીથી ભાઈના ઘરમાં એન્ટ્રી લઈ ચૂક્યો... પાછળ બંને પરિવાર અને માતા, ખુશીઓનો આખો ઉપવન આજે આ ઘરમાં મહેંકી રહ્યો હતો... 'બ્લડ ઈઝ ઑલવેઝ થિકર ધેન વૉટર' એવું પપ્પાનું વાક્ય સર્જીતના મનમાં ઉછાળા મારતું હતું.

બારના ટકોરા પડ્યાં, અને ૫૦માં દિવસના કેક પર સળગતી અણસમજ-ગેરસમજ-મનદુ:ખની મીણબત્તી પર ફૂંક વાગી, ધમાલ-મસ્તી-શુભેચ્છા સાથે પરસેવાથી સિંચેલી દિવાલો હસી ઉઠી... ઘરનો મોટો ભાઈ આજે વનમાં પ્રવેશી રહ્યો હતો... કાયમ અમારાં સ્મરણમાં છો તમે, કણ કણને ક્ષણ ક્ષણમાં છો તમે, જેવી પંક્તિઓ ઘૂંટતા રાત્રે સૌ છૂટા પડ્યાં, વેલેન્ટાઈનડ ડે અને વર્ષગાંઠ પરિવારમાં ખુશીઓની ખુશ્બો પ્રસરાવી રહી હતી...

અખબારને જેમ સીધાં-સાદાં સમાચારોમાં રસ નથી પડતો અને પ્રભુ પણ સાચાં-સારાંની જરા વધુ જ કસોટી કરતો હોય છે, વેલેન્ટાઈનનાં વધામણાં સાથે, બર્થ ડે સેલિબ્રેશન સાથે ધ એન્ડ આવ્યો હોય તો? પણ ના...

બીજે દિવસે ભાઈ એ બર્થ ડે પાર્ટી કરી, ઘણાં મિત્રો અને આમંત્રિતોને બોલાવ્યા, પણ માત્ર એક જ વ્યક્તિને ન બોલાવી અને એ હતો એનો રાત્રે કૅક લઈ પરિવારને એક કરવાની ભાવનાથી આવેલો ભાઈ સર્જીત...

પેલો વેપારી મિત્ર કરણ કે જેણે રાત્રે આવવાનો વાયદો કરેલો એ માથું દુ:ખવાના કારણે ન આવી શક્યો એ બીજે દિવસે ગિફ્ટ સાથે પાર્ટીમાં આવેલો જોઈ નાના ભાઈનું મજગ ફરી ગયું... સર્જીતને સમજાવવા સફળ રહેલો મિત્ર કરણ મોટા ભાઈને સમજાવીને, એની પાર્ટીમાં બોલાવવા કેમ પાછીપાની કરી ગયો? પાર્ટીની સાથે ઘણાં પ્રશ્નો હતાં, પણ પજાબ એટલો જ આવતો હતો કે કયારેક પવિત્રતાની જગ્યાએ પ્રેઝેન્ટેશન વધુ માર્કસ મેળવી જાય છે!!

ક્ષણભાર માટે હચમચી ગયેલો સર્જીત એક વાતે જરુર ખુશ છે, કે એણે એક થવા પ્રયત્ન કર્યો, પુલ બનાવવા વર્ષો લાગે છે, તોડતા કયાં લાગે છે... એક રાતની ખુશી, સ્મરણો કદાચ સર્જીતને જીવવાં પુરતાં હતા... એક કવિની લાઈન એ સંદર્ભે ગણગણી રહ્યો હતો. 'બ્લેકમાં વેચાયેલા રેડ રોઝને રસ્તે રઝળતો જઈ ગયો, વેલેન્ટાઈનના પ્રેમનો નશો શું એક રાતમાં ઉતરી ગયો?'

કાયમ અમારાં સ્મરણમાં છો તમે, કણ કણને ક્ષણ ક્ષણમાં છો તમે.
આઈનો થઈને જરા જોયું મેં જયાં, અંદર તમે ને બહાર પણ છો તમે!
- ડૉ. મુકેશ જોષી

**ચૂંટલો** : માણસ.. ન તો કંઈ રડીને શીખે છે, ન તો કંઈ હસીને શીખે છે. જયારે પણ તે કંઈક અલગ શીખે છે. એ... કાં તો કોઈકનો થઈને શીખે છે, કાં તો કોઈકને ખોઈને શીખે છે. માત્ર વેલેન્ટાઈન નહીં, અમુક વસ્તુ વેલ ઈન ટાઈમ શીખવી પડતી હોય છે.